ક્રિમીનલ કેસ નં. ................

**<u>આંક–૧ નીચે હુકમ.</u>**

કેસ પેપર્સ વંચાણે લીધા. હાલનો કેસ પોલીસ તપાસના ચાર્જશીટ આધારેનો સમન્સ ટ્રાયેબલ કેસ છે. આ કામે આરોપીઓ/સાહેદોને હાજર રાખવા પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ તેમ છતાં પ્રોસેસ બજેલાનું રેકર્ડ ઉપર જણાય આવતુ નથી. આ કેસની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસમાં કોઈ પ્રોગ્રેસ નથી. હાલના કેસમાં પોલીસ એજન્સી તથા પ્રોસીકયુશન એજન્સી આરોપીઓ/સાહેદોને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીકમાં ભવિષ્યમાં આગળ ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયક પરીણામ મળવાની શકયતા નથી. જેથી હાલના કેસના પ્રકારને, સજાની જોગવાઈને, પ્રવર્તમાન વલણને ધ્યાનમાં લઈને સતાની રૂએ હાલના તબકકે કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે બંધ રાખવી ન્યાયોચીત જણાય છે. જેથી હાલના કેસની કાર્યવાહી **ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮** અન્વયે બંધ કરવા અને આરોપીઓને બીનતહોમત છોડી અને કેસ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ જો જામીનગીરીની રોકડ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય તો તે રકમ અપીલ સમય વીત્યે સરકાર ખાલસા કરવી. તેમજ મુદામાલ જો હોય તો તે અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વીત્યે કાયમ કરવામાં આવે છે, તેમજ જો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલનો અપીલ સમય વીત્યે નીયમ મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ–૧૪–મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(ડી.એમ. બાવીશી)
આઠમા એડી. ચીફ જયુડી. મેજી.
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.
યુ.આઈ.સી.નં. જી જે૦૧૩૮૦